# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

'અબજ'થી નેપાળ અજબગજબ ખાટે છે!
કોઇરાલા ને કંસાર, અહીં સૌ આટો ચાટે છે,
ન ઘર, કે ઘાટે છે પ્રજા, અચ્છે દિન કે સ્વપ્ને -
દોડે ધસમસતી ટ્રેન 'હિંદુત્વ' ને પાટે છે..

## હાઇકુ

ભારની આશા,
- ને 'ખાલી જગ્યાઓ'થી
કથળે તંત્ર..
(નબળાઇનો સ્વીકાર)

'હતાશા છોડો'
ઓમ 'ન.મો. સિવાય-'
બોલો બીજું કૈં!
(અહમદ પટેલ)

## ચિંતન

**સત્યં તપો જ્ઞાન મહિં સતા ચ વિદ્વત્પ્રણામશ્ચ સુશીલતા ચ ।**
**એતાનિ યો ધારયતે સ વિદ્વાન્ત કેલવં યઃ પડતે સ વિદ્વાન ॥**

'જે એકલાં શાસ્ત્રોનો જ અભ્યાસ કરે છે તેને વિદ્વાન કહેવાય નહીં પરંતુ જે ગુણીજનો, સત્ય, તપ, જ્ઞાન, અહિંસા, સદ્ભાવ અને વિદ્વતાને પ્રણામ અને સુશીલ સ્વભાવ વગેરે ને ધારણ કરે છે તે જ વિદ્વાન છે.'

ગુજરાતીમાં કહેવત છે - માત્ર 'ભણતર' નકામું છે સાથે ગણતર પણ અતિ આવશ્યક છે.

જે વ્યક્તિ સત્ય ને સાહસ કરીને પણ હિંમતપૂર્વક સાથ આપે તે જ વિદ્વાન છે. આજે આરટીઆઇ વાળા સમાજને માટે સાહસ ખેડી કૌભાંડી નેતાઓની માહિતી માગી જાહેર કરે છે. તે જીવ ગુમાવ્યાના પણ દાખલા છે. સત્યને સાથ આપે તે વિદ્વાન. એવી જ રીતે સારા કામને વળગી રહેવું એ તપ છે, જ્ઞાન પામી વિવેકપૂર્ણ જીવન જીવવું, અહિંસાનો, મન-વચન-કર્મથી અમલ કરવો અને આચરણમાં મૂકે તે વિદ્વાન. સદ્ભાવથી બધાની સાથે વર્તે. (સારા-ખરાબ બધી જાતિઓ - બધા ધર્મ) પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે તે વિદ્વાન.

વિદ્વતા અને વિનયીને વંદન કરે તે જ સાચો વિદ્વાન છે.

## સુવિચાર

- જે ક્ષણથી હૃદયમાં ગાંઠ પડવાનું શરૂ થાય છે.. એ ક્ષણથી તમારું બાળપણ પૂરું થયું સમજવું - **આઠવલે**
- જયાં શુભ વાતો થાય છે એ પણ રામકથા છે - **મોરારિ બાપુ**
- જમવામાં જે સ્થાન મીઠાનું છે, સંસારમાં જે સ્થાન સંપત્તિનું છે એ જ સ્થાન અધ્યાત્મ જગતમાં સંવેદનશીલતાનું છે - **જનકલ્યાણ**
- ઉદારતાથી પ્રભુપ્રિય બની શકાય છે, સરળતાથી પ્રભુપાત્ર બની શકાય છે, અને સહૃદયતાથી પ્રભુપ્રેમી બની શકાય છે - **શાહબુદ્દીન રાઠોડ**
- ઓરડામાં ફર્નિચર જેટલું વધુ એટલી રહેવાની જગ્યા ઓછી એમ જીવનમાં ભોગ-વિલાસ જેટલા વધુ તેટલી ચિત્તની પ્રસન્નતા ઓછી - **એસ. ભટ્ટાચાર્ય**
- ધર્મ માટેની પાત્રતા વિકસીત કરવાની સૌથી પ્રચંડ તાકાત કોઇ એક જ પરિબળમાં હોય તો તે પરિબળનું નામ છે પ્રેમ - **ધર્મસૂત્ર**
- તમારો પ્રચંડ સંકલ્પ અને ધગધગતી મનોઇચ્છા અને પરસેવો પાડવાની તૈયારી પ્રકૃતિના નિયમો બદલાવી શકે છે - **એ.પી.જે. કલામ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

શિષ્યત્વ પ્રાપ્ત કરવું એ ખાંડાના ખેલ છે. તદ્દન સરળ નથી. વિદ્યા પ્રાપ્ત કરવામાં તપ જરૂરી છે. બુદ્ધિ અને જ્ઞાનની કસોટીથી જ શિષ્યત્વ પ્રાપ્ત થાય છે. પ્રાચીન સમયમાં આજની જેમ 'એડમીશન ફી' ન હતી. યોગ્યતા પૂરવાર કરવી પડતી હતી.

સંત લૂકમાન પ્રખ્યાત સંત હતા. તેમના શિષ્ય થવા પડાપડી થતી. ઘણા શિષ્યત્વ પ્રાપ્ત કરવામાંથી ચાર ને પસંદ કરવામાં આવ્યા. શિયાળાની ઠંડી પરોઢે ચારે ને બોલાવી ખૂબ જ ઠંડા (AC) રૂમમાં જવાની આજ્ઞા આપી. ત્રણ કલાક પછી તમને બહાર બોલાવવામાં આવશે જે યોગ્ય હશે તે શિષ્યત્વ પ્રાપ્ત કરશે. ચારેયને એ થીજી જવાય એવા રૂમમાં પૂરવામાં આવ્યા.

સવારે સાત વાગ્યે રૂમ ખોલવામાં આવ્યા. ત્રણ જણાં ઠંડીથી બેભાન હતા. માત્ર એક તદ્દન સ્વસ્થ હતો. તેને સંત લૂકમાનજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા.

બીજા જૂના શિષ્યોએ એને સ્વસ્થ રહેવાનું રહસ્ય પૂછ્યું. શિષ્ય કહે- થોડી થોડી વારે હું ખંડમાં કસરત કરતો હતો થાકી જવાય - પરસેવો થાય એટલી કસરત કરી થોડો આરામ કરી લેતો. ફરી ઠંડી લાગે તો કસરત શરૂ... અને આમ ત્રણ કલાક પસાર થઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રેમ લગ્નજીવન બગાડી પણ શકે અને બચાવી પણ શકે

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

ઐતિહાસિક મહત્ત્વ હોય તેવી વ્યક્તિઓના જીવન ઉપર આધારીત નવલકથા, બાયૉગ્રાફિક નૉવેલ લખીને મશહુર થયેલા અમેરિકન નવલકથાકાર, લેખક ઈરવિંગ સ્ટૉન (જન્મ તા. ૧૪ જુલાઈ, ૧૯૦૩, નિધન તા. ૨૬ ઑગસ્ટ, ૧૯૮૯)એ લખ્યું છે કે "પ્રેમ અને વાસનામાં કોઈ ભેદભાવ નથી. પ્રેમ હોય ત્યાં વાસનાની આગ હોવાની અને વાસનાની ભીતર પણ પ્રેમનો પવિત્ર અગ્નિ પ્રજ્વળતો જ હોય. પ્રેમ અને વાસનાને તમે એકમેકથી જુદાં પાડી શકો નહીં. પ્રેમ અને વાસનાને જુદા કહેનાર યા તો ખોટું બોલે છે યા તો દંભ કરે છે."

વિશ્વપ્રસિદ્ધ ચિત્રકાર વિન્સેન્ટ વાન ગૉગના જીવન ઉપર લખાયેલી ઈરવિંગ સ્ટૉનની નવલકથા "લસ્ટ ફૉર લાઈફ" (જીવન માટે કામવાસના) અને બીજા મહાન ચિત્રકાર માઈકલૅન્જેલૉના જીવન ઉપર આધારીત ઈરવિંગ સ્ટૉનની નવલકથા "ધી ઍગ્નૉય ઍન્ડ ધી ઍક્સટૅસી" (સંતાપ અને હર્ષોન્માદ) પરથી તો ફિલ્મ પણ બની છે. બેઉ નૉવેલ બૅસ્ટ સૅલર લિસ્ટમાં આજે પણ સામેલ છે.

પ્રેમ અને લગ્ન તથા લગ્ન અને પ્રેમ. સંબંધોની દુનિયા નાજુક હોય છે. પ્રેમમાં બધું રંગીન રંગીન જ લાગે છે. પરંતુ વાસ્તવિકતા હંમેશા બ્લેક ઍન્ડ વ્હાઈટ હોય છે. જો આટલી વાત ધ્યાનમાં રહે તો કોઈ સમસ્યા સર્જાતી નથી. પ્રેમ લગ્નજીવન બગાડી શકે એવું બધા જાણે છે પરંતુ પ્રેમમાં લગ્નજીવન બચાવી લેવાની પણ તાકાત રહેલી છે. સંબંધની મીઠાશ એકબીજાની અંગતતા સાચવવામાં પણ રહેલી છે. સંબંધમાં એકમેક માટે પૂરો સમય ફાળવવો એ પણ સંબંધની સફળતા માટે મહત્ત્વનું પરિબળ છે. આમ ન થાય તો શું બને છે, એની એક લાગણીસભર સત્ય કથા છે. જે આ પ્રમાણે છે :

જ્યારે હું કામ પરથી રાત્રે ઘરે પહોંચ્યો ત્યારે મારી પત્નીએ જમવાનું પીરસ્યું.

મેં તેનો હાથ મારા હાથમાં લઈને પુછ્યું કે "હું તને કંઈક કહેવા માગું છું."

પરંતુ તેની આંખોમાં કોઈ ચમક નહોતી અને ચહેરા ઉપર પણ કોઈ ઉત્સુકતા નહોતી.

પરંતુ હું જે વિચારતો હતો એ તેને કહેવા માગતો હતો. મેં કહ્યું કે "હું ડિવૉર્સ લેવા માગું છું."

તેણે કોઈ આશ્ચર્ય વિના ખુબ શાંતિપૂર્વક એટલું જ પુછ્યું કે "કેમ?"

હું તેના આ સવાલનો કોઈ જવાબ ન આપી શક્યો. એથી તે વધુ ગુસ્સે થઈ. એ રાતે અમે એકબીજા સાથે વાત પણ ન કરી. તે જાણવા માગતી હતી કે "આપણા લગ્નનું શું?"

> **તમારી જિંદગીની ખુબ નાની નાની બાબતો જ અકબંધ સંબંધ માટે ખાસ્સું મહત્ત્વ ધરાવે છે, આલિશાન બંગલો, કાર, માલ-મિલકતો કે બૅન્કમાં ભેગા કરીને રાખેલા રૂપિયા નહીં, નાની નાની અને સામાન્ય લાગતી બાબતો જ તમારા માટે સુખનું વાતાવરણ સર્જવાનું કારણ બની શકે છે, ગાડી-બંગલા કે પૈસાથી ખરું સુખ મળતું નથી**

બીજા દિવસે મેં ડિવૉર્સ ઍગ્રીમેન્ટ તૈયાર કરાવ્યો. જેમાં મેં અમારો વિશાળ બંગલો અને કાર તેને આપવા તથા મારી કંપનીના બિઝનેસમાં ૩૦ ટકા હિસ્સો તેને આપવાનું લખ્યું હતું.

તેણે કોઈ જ પ્રતિભાવ બતાવ્યા વિના ઍગ્રીમેન્ટ પેપર હાથમાં લઈને ફાડી નાખ્યો. તેણે એક પત્ની તરીકે મારી સાથે પોતાની જિંદગીનાં ૧૦ વર્ષ વીતાવ્યાં હતાં. પરંતુ અત્યારે હું જેનીને પ્રેમ કરું છું એવું મેં તેને કહ્યું પણ ખરું. મેં તેને એમ પણ કહ્યું હતું કે હું જેની સાથે લગ્ન કરવા માગું છું અને મારા નિર્ણયમાંથી હું પાછો ફરી શકું એમ નથી. તે મારી સામે જોઈને ચોધાર આંસુએ રડી પડી. પરંતુ તેનાં આંસુ મને પીગળાવી ન શક્યા. કેમ કે મારો નિર્ણય અડગ અને અફર હતો.

બીજા દિવસની મોડી સાંજે હું ઘરે પાછો ફર્યો ત્યારે તે ટેબલ પર બેસીને કશુંક લખી રહી હતી. રોજની જેમ મને જમવાનું ના પીરસ્યું. હું પણ આખો દિવસ જેની સાથે પસાર કર્યો હોવાથી થાકીને સીધો સૂઈ જ ગયો. બીજા દિવસે સવારે ઊઠીને મેં જોયું તો તે હજુ ટેબલ પર જ બેઠી હતી અને કશુંક લખી રહી હતી. લખવાનું પુરું કરીને તે કાગળ તેણે મારા હાથમાં મૂક્યો.

તેણે ડિવૉર્સ કન્ડિશન લખી હતી કે તે મારી પાસેથી કશું જ લેવા માગતી નથી. પરંતુ ડિવૉર્સ માટે એક મહિનાનો નોટિસ પિરિયડ જોઈશે. આ મહિના દરમિયાન દીકરાની પરીક્ષા આવી રહી છે અને તેના ભણતર ઉપર કોઈ વિપરીત અસર ન પડે એ માટે અમારે પ્રેમાળ દંપતીની જેમ જ રહેવું. તેણે મને લગ્નની પ્રથમ રાત અને ઘણી બધી પ્રેમાળ પળો યાદ કરાવી.

મેં જેનીને મળીને વાત કરી કે "મારી પત્ની ડિવૉર્સ માટે તૈયાર તો થઈ છે. પરંતુ આવી શરતો પણ રાખી છે." જેનીએ મારી વાતનો સાવ ઠંડો પ્રતિસાદ આપ્યો.

ડિવૉર્સના મહિનાનું કાઉન્ટ ડાઉન શરુ થયું, એના પહેલા દિવસે નિત્ય ક્રમ પ્રમાણે હું મારી પત્નીનો હાથ મારા હાથમાં રાખીને ઘરમાંથી બહાર નીકળ્યો.

અમારો દીકરો બોલી પડ્યો : "નાઈસ કપલ..." મારું દિલ દ્રવી ઊઠ્યું. પત્નીની આંખો પણ થોડી ભીની થઈ ગઈ.

હું મારી પત્નીને ઑફિસ જવા માટે જ્યાંથી બસ મળે છે, તે બસ સ્ટૉપ સુધી મૂકવા ગયો ત્યારે તેણે મને કહ્યું કે "એક વિનંતી કરું છું કે મહેરબાની કરીને આપણા ડિવૉર્સની વાત દીકરાને ન કરશો."

બીજા દિવસે અમે બેઉ તદ્દન સામાન્ય વ્યવહાર કરી શક્યા. એક તબક્કે તે મારી બાંહોમાં ઢળી પડી. તેના ઉચ્છ્વાસ હું અનુભવી રહ્યો. મને લાગ્યું કે મેં તેને ઘણા લાંબા વખતથી ધારીને જોઈ પણ નહોતી. તેણે ઘર-પરિવાર માટે પોતાની જાત ઘસી નાખી હતી, એ તેના ચહેરાની રેખાઓ અને હેર સ્ટાઈલમાં રહેલા બરછટ વાળ પરથી પણ સમજી શકાતું હતું. એક ક્ષણ માટે મને મારી જાત માટે જ સવાલ થયો કે "મેં મારી પત્ની માટે આ વર્ષોમાં શું કર્યું છે? કશું જ નહીં."

ચોથા દિવસે હું મારી પત્નીને બસસ્ટૉપ સુધી મૂકવા ગયો, ત્યારે એની તરફની મારી લાગણીમાં વધારો થતો મેં અનુભવ્યો. લગ્નનાં દસ વર્ષોમાં તેણે પોતાનો તમામ પગાર જાત પાછળ ખર્ચવાના બદલે ઘર-પરિવાર માટે ખર્ચ કર્યો છે. પાંચમા અને છઠ્ઠા દિવસે અમારી એકમેક તરફની ઉત્કટતામાં વધારો અમે બેઉએ અનુભવ્યો. મેં આ બધી વાત જેનીને કરી નહોતી. પરંતુ આ બધી વાત મને અને મારા લગ્નજીવનને કદાચ મજબુત બનાવી રહી હતી. જેની મહિનો પૂરો થાય તેની રાહ જોતી હતી.

એક દિવસ સવારે ઑફિસ જવાના સમયે તે કયો ડ્રેસ પહેરવો તે પસંદ કરી રહી હતી. વૉર્ડરૉબમાંથી બધા ડ્રેસીસનો ડબલ બેડ ઉપર ઢગલો કર્યો હતો. તે મનોમન બોલી રહી હતી કે બધા જ ડ્રેસ મોટા પડી રહ્યા છે. મેં ધ્યાનથી જોયું કે તે ખરેખર સૂકાતી ગઈ છે. કદાચ એ જ કારણ છે કે તેનું વજન ઓછું થઈ ગયું હોવાથી હું તેને આસાનીથી ઊંચકી શક્યો હતો. મને ખુબ દુઃખ થયું. મેં તેની નજીક જઈને તેનું કપાળ ચૂમી લીધું. અચાનક અમારો દીકરો આવી ગયો.

તેણે આ જોયું અને બોલી પડ્યો કે "પપ્પા, મમ્મીને બહાર સુધી મૂકી આવવાનો સમય થઈ ગયો છે. પ્લિઝ, જલદી કરો."

મારી પત્નીએ તરત જ દીકરાને પાસે બોલાવીને પોતાની બાંહોમાં સમાવી લીધો. એ પછી હું પત્નીનો હાથ પકડીને બહાર નીકળ્યો. બેડરુમમાંથી ડ્રૉઈંગરુમ અને હૉલ-વૅ તથા છેક બહાર સુધી મેં તેનો હાથ પકડી રાખ્યો હતો અને તેણે પોતાનો હાથ મારા ગળા અને ખભા પાસે વીંટાળી રાખ્યો હતો. બરાબર આ જ રીતે અમે અમારા લગ્નના દિવસે ચાલીને બેડરુમમાંથી છેક બહાર સુધી આવ્યા હતા. હું ચિંતામાં તો હતો જ કે છેલ્લી મિનિટે મારું મન બદલાઈ તો નહીં જાય ને.

છેલ્લો દિવસ આવી ગયો હતો. અમારો દીકરો સ્કૂલે ગયો હતો. મારી પત્નીના સામાન્ય વર્તનથી હું પરેશાન હતો. એણે તો છેલ્લી ઘડી સુધી એક પણ શબ્દ કહ્યો નહોતો. છેલ્લા મહિનામાં મેં મારી અને મારી પત્ની વચ્ચેની આત્મીયતા અનુભવી હતી. પત્નીને બસસ્ટૉપ ઉપર મૂકીને હું રાબેતા મુજબ મારી ઑફિસે ગયો. જેની પણ મારી સાથે જ નોકરી કરતી હતી. જેની મારી ચૅમ્બરનો દરવાજો ખોલીને મને મળવા આવી અને બોલી : "ગુડ મૉર્નિંગ..."

મારું મન અને મગજ બદલાઈ જાય એ પહેલા ઘડીનો પણ વિલંબ કર્યા વિના હું બોલી ઊઠ્યો કે "સૉરી જેની, હું તારી સાથે લગ્ન નહીં કરી શકું અને મારી પત્નીને ડિવૉર્સ નહીં આપી શકું."

જેની મારી તરફ આશ્ચર્યથી જોવા લાગી અને મારા કપાળે હથેળી મૂકીને પૂછ્યું કે "શું તને તાવ આવ્યો છે? તારી તબિયત તો સારી છે ને?"

મેં મારા કપાળેથી તેની હથેળી ખસેડતા કહ્યું કે "સૉરી જેની, હું મારી પત્નીને નહીં છોડી શકું. એ વાત કબુલ કે અમારી મેરેજલાઈફ થોડી બૉરિંગ જરુર થઈ હતી, કારણ કે અમે બેઉ મોટા ભાગે જિંદગીનું મૂલ્ય બરાબર સમજ્યા જ નહોતા અને સરખો પ્રેમ પણ કર્યો નહોતો. પરંતુ મને હવે અહેસાસ થઈ ગયો છે કે હું એને પરણીને મારા ઘરે લઈ આવ્યો ત્યારથી મૃત્યુ પર્યંત એની કાળજી રાખવાની મારી ફરજ છે. એકમેકને ચાહતા રહેવાની અમારી સ્વૈચ્છીક અને વણલખી જવાબદારી પણ છે."

(અનુસંધાન પાના નં. ૬ પર)

# રીના ભાભી એકલતાને કારણે ડિપ્રેશનમાં રહેતા હતાં, બંગલો ગાડી એવું બધું તો તેને ગમતું જ નહીં તેથી એ અહીં નાનકડા ઘરમાં રહેતા હતાં

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

કોઈ નાની બાળકીનો અવાજ સાંભળીને કિન્નરીના પગ અટકી ગયા. કુબેરનગરની આગલીમાં પહેલું ઘર રીના ભાભીનું હતું એને એકદમ બીજે ખૂણે કિન્નરીનું નિવાસ. તે મોટે ભાગે રીના ભાભી સાથે કયારેય દરવાજે તો કયારેય બારીએથી બહાર જોઈને એક બે વાતો કરી લેતી હતી. આજે આ ઘરમાં એટલે કે રીના ભાભીના ઘરમાં બાળકી કયાંથી આવી? કોનો અવાજ છે?

કિન્નરીથી રહેવાયું નહીં. તેથી ઉત્સુકતાવશ તેણે રીના ભાભી સાથે હાય...હલ્લો કરી પોતાની બેચેની શાંત કરવાનું મુનાસીબ માન્યું.

દરવાજાના બારણાનો અવાજ એટલો જોરથી આવ્યો કે અંદરથી સાદ પાડીને કોઈએ કહ્યું 'હાં કોણ? આવી જાવ. અંદર આવો.'

કિન્નરીએ પણ પ્રતિક્રિયા રૂપે પોતાનો સ્વર પહેલાં મોકલ્યો અને પછી ઓરડામાં દાખલ થઈ.

આજે કિન્નરી લગભગ એક મહિના પછી રીના ભાભીના ઘરમાં પગ મુકી રહી હતી.

કિન્નરીએ જોયું કે ઓરડો ખુબ સરસ રીતે સજાવેલો લાગતો હતો. ભાભીના ઓરડાના ઉત્તર તરફના ખૂણામાં જયાં અખબારો અને સામાયિકોની પસ્તીનો ઢગલો પડી રહેતો ત્યાં આજે બે ત્રણ ઢીંગલીઓ મુકેલી હતી એક દફતર પણ સરસ રીતે મુકેલું હતું.

ભાભીએ પ્રેમ પૂર્વક આવકાર આપ્યો અને પેલી દશ વર્ષની પતંગીયા જેવી બાળકીનો પરિચય કરાવ્યો. કિલ્લોલ કરતી હરણી જેવી કુદતી બાળકીનું નામ રશ્મિ હતું. તે રીના ભાભીના ભાઈની એકની એક દિકરી હતી.

ઓહ! કિન્નરીને હવે સમજાયું. રીના ભાભીના ભાઈ-ભાભી ગયા મહિને જ એક કાર અકસ્માતમાં...એ કિન્નરીએ છાપામાં વાંચ્યું હતું. તે પછી રીના ભાભી સાથે ફોન પર વાત પણ થઈ હતી. સારું કદાચ રીના ભાભીએ તેના ભરણપોષણની જવાબદારી પોતા પર લીધી હશે.

કિન્નરી આ બધું વિચારતી હતી ત્યાં રીના ભાભીએ શરબતનો ગ્લાસ તેના હાથમાં પકડાવ્યો અને રશ્મિને પોતાની પાસે બેસાડીને કિન્નરીને કહ્યું કે આનો અવાજ મધ જેવો મીઠો છે. કિન્નરીને ઉતાવળ હતી છતાં તેણે રશ્મિ પાસે રઘુપતિ રાઘવ રાજારામની ધુન સાંભળી અને પછી જ નીકળી.

કિન્નરીને ઝાઝી પંચાત ગમતી નહીં તેથી તેણે નક્કામી મગજમારી રીના ભાભી સાથે કરી નહીં, જેમ કે આનો ખર્ચો તમારા પેલા બિલ્ડરભાઈ છે તે આપવાના છે કે.. તમારા પતિ રાકેશભાઈને તો કોઈ વાંધો નથી ને વગેરે વગેરે...

કિન્નરી રીના ભાભી પાસેથી નીકળતી હતી ત્યાં તેને કઈક યાદ આવ્યું. તેણે પોતાનું પર્સ ફેંદયું તેમાંથી ચોકલેટ કાઢી રમતિયાળ રશ્મિને આપી. શરમાતાં-શરમાતાં તેણે એ લઈ લીધી.

કિન્નરી ઝડપથી પોતાના ઘર તરફ ચાલી નીકળી કેમ કે લગભગ એક મીનીટ પહેલાં જ તેણે પોતાના મોબાઈલમાં જોયલું તેમાં કામવાળી સોનીબાઈનો મેસેજ હતો તે આવી રહી હતી. સોનીબાઈને અંગ્રેજી આવડતું ન હતું. તે જયારે આવવાની હોય તો મેસેજ બોક્ષમાં 'Y' ટાઈપ કરી દેતી અને ન આવવાની હોય ત્યારે 'N' ટાઈપ કરી દેતી. આ પધ્ધતિ કિન્નરીએ જ તેને શીખવી હતી તે પછી સોનીબાઈના ઘણા પૈસા બચી જતા હતા. નહીંતર તે ફોન કરે અને આવવાનું કહે તેની સ્પષ્ટતામાં ઘણા પૈસા થતા વળી જો સોનીબાઈ મીસકોલ કરે તો માલીકણોને પૈસા થતા. હવે બંને તરફ સૌને સગવડતા હતી. આ બધું વિચારતી વિચારતી કન્નરી ઘરે પહોંચી ગઈ. તેની પાછળ પાછળ સોનીબાઈ પણ આવી ગઈ.

કિન્નરીએ કામ પુરું કરી લીધા પછી સોની બાઈને એક કપ ચ્હા આપી ને પછી પોતે ચુપચાપ જઈને સુઈ ગઈ. તેના મગજમાં રશ્મિ અને રીનાભાભી હજુ છવાયેલા હતાં. રીના ભાભીને કિન્નરી લગભગ પંદર વરસથી ઓળખતી હતી અને તેના મોટાભાઈ ભાભીના ફીકા અને તીખા સ્વભાવથી એ પરિચિત હતી. હાં એ ખરું કે રીના ભાભીને તેણે કયારેય કંઈ પુછયું ન હતું. પણ કિન્નરીની પારખુ નજરમાં એ વાત છાની રહી ન હતી જયારે રીના ભાભીને જોડકાં દિકરા થયા ત્યારે તેના ભાઈ-ભાભી એ બહુ ભારે મનથી વ્યવહાર નિભાવેલો. ભાભીનો નાનો ભાઈ તે વખતે બી.ઈ. કરી રહ્યો હતો.

કયાં આજે રીના ભાભી તેની દિકરી માટે જાણે કે વટવૃક્ષ બની ગઈ હતી. રીના ભાભીના બંને દિકરા પાંચમા ધોરણથી જ સ્પોર્ટસ એકેડમી લંડનમાં ભણી રહ્યા હતા. બહુ જ હોંશિયાર હતા. ભાભીની ઈચ્છા હતી કે તે સુરતમાં જ રહે પણ રાકેશભાઈએ પોતાના ઝવેરાતના ધંધાના પૈસા તેમના ભણતર પાછળ રોકી દીધા હતા તેથી ભાભીએ હથિયાર હેઠાં મુકી દીધાં. રીના ભાભી એકલતાને કારણે ડિપ્રેશનમાં રહેતા હતાં. બંગલો ગાડી એવું બધું તો તેને ગમતું જ નહીં તેથી એ અહીં નાનકડા ઘરમાં રહેતા હતાં. હાં રીના ભાભીની એક ઈચ્છા હતી એક બાળકીની માતા બનવાની પણ પોતાની મોટી ભાભીના શબ્દલાતોથી ઘાયલ થયેલ રીના પછી કયારેય માં ન બની તે વારંવાર કહેતી કે જો એક વધુ બાળક હશે તો પીયરીયાઓની જવાબદારી વધશે. વહેવાર તો બિચારાં એ લોકોને જ નિભાવવો પડે ને! તેમાં પણ જો દિકરી જન્મે તો મોટી ભાભી માટે આફત ઉભી થાય તેથી તેને હવે બાળક નથી જોઈતું. છતાં રીના ભાભીનું આંતરમન કયાંક ને કયાંક ઝંખતું હતું. તે એક પ્રકારની માનસિક અસમંજસમાં રહેતી હતી અને તેથી જ ઉદાસ રહેતી હતી. જયારે રીના ભાભી માં બની તેના તેના બે વર્ષ પછી તેના ભાઈના ઘરે દિકરીનો જન્મ થયો હતો એ તેના નિઃસંતાન ભાઈ-ભાભીનું પહેલું બાળક હતી. રીના ભાભીએ ફોઈ હોવાના નાતે ખુબ ખુશીથી ઉત્સાહપૂર્વક બધી તૈયારીઓ કરેલી પણ તેની ખુશી છોકરીના નામકરણ સંસ્કાર વખતે કપુરની જેમ વરાળ થઈ ગઈ જયારે તેની ભાભીએ વ્યંગ બાણ છોડતાં કહ્યું કે 'જો મારે પોતાને એક દિકરી થઈ ગઈ છે તેનું લાલન પાલન અને ઉછેર અમને ભારે પડશે એમાં તું પાછી દિકરીને જનમ દઈ બેસતી નહીં. અમે કેટલું કરીશું?' આ વા કિન્નરીને વાસણ માંજતા માંજતા સોનીબાઈએ વર્ષો પહેલાં કહેલી, બસ આવી જ બે ત્રણ વાતો કિન્નરીના મગજમાં ચ્યુઈંગમની જેમ ચોંટેલી હતી.

સાંજ ખાસ્સી ઢળી હતી. તુલસી કયારે દિવો કરતાં અચાનક કિન્નરીને ટેલિફોની રીંગ સંભળાઈ રીના ભાભીનો નંબર હતો ફોન ઉપાડયો તો રશ્મિનો અવાજ હતો. મીઠા સ્વરે તેણે કહ્યું, ફઈબા નમસ્તે મારાં ફઈબાએ આવતા રવિવારે ભજન કિર્તનનો કાર્યક્રમ રાખ્યો છે તમારે આવવાનું છે.

કિન્નરી તેના મીઠા અવાજમાં એવી તો ખોવાઈ ગઈ કે હાં, સારું એમ કહેવાનું પણ ભૂલી ગઈ. રાત્રે ધાબા પર આમ તેમ આંટા મારતાં કિન્નરીને એ જ વિચાર આવતો હતો કે હે નિયતીની ઊંધી યોજના છે. કદાચ વિધાતાને ખબર હતી કે રીના ભાભી એક બાળકી માટે કેટલી તડપે છે અને તે પણ રશ્મિ જેવી મનમોહક, કિન્નરીએ કાજળ ઘેરા આકાશમાં ચમકતા તારાઓને મનોમન પ્રશ્ન કર્યો શું નિયતને આપણી દરેક તીવ્ર ઈચ્છાની ખબર પડતી હશે?

- vanvihari@gmail.com

# રોમેન્ટીક વર્ષાઋતુ..!! રિમઝિમ ગિરે સાવન સુલગ સુલગ જાયેં મન...!!

## કેટલીયે અપ્સરાઓ હરતી ફરતી, તોય શોધતી તને જ નજર મને જોઈને હસે છે એ વરસાદ અને એમ જ તારી યાદ આવે


### Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત



hellogandhinagar@gmail.com

આ વરસાદ બહુ રોમેન્ટીક છે નહી? એક છત્રીમાં બબ્બે જણાં અરધાં અરધાં પલળેલાં અને એ અનુભવ મજાનો નહીં? આજેય એવો જ પ્રેમની ધાર જેવો વરસાદ શરૂ થયો છે, બોલ ઋષી કેવી રીતે ઘરે જઈશું? સાંજનો સમય અને પીક અપ બસનો ટાઈમ ખબર હોવા છતાં જાણી જોઈને ઋતુશ્રીએ પ્રશ્ન છેડયો. 'એટલે આપણે ઘરે જઈએ છીએ?' ઋષીએ રોમેન્ટીક થતાં પ્રશ્ન નાંખ્યો...



ઘૂંટણ સમા પાણી ભરાયાં છે. આપણું બાઈક તો તરી શકશે નહીં. સરકારી બસ ગમે ત્યારે પાણીમાં બેસી જાય. જીપડાં વાળાનો કોઈ ભરોસો નહી, ચાલને ચાલતાં જ જઈએ. આમેય બંને જ છીએ કોઈ રાહ જોતું નથી. સચિવાલયથી વાવોલની નવી સોસાયટી શાંતિવન સુધી પહોંચતા બહુ બહુ તો બે કલાક થશે, પણ મજા આવશે અને ઋષી ઋતુશ્રીએ બિલકુલ નવા લવબર્ડસની જેમ પાણી ઉડાળતાં ચાલવા માંડયું. ડાર્ક બ્લેક ચોકલેટ ફલેવર્ડ બિસ્કીટ અર્ધુ ખાતા એણે ઋષીના ખભે માથું ટેકવ્યું અને પ્રેમના ગપાટાં મારતાં ચાલવા સાથે વાતોય વહેતી કરી...

આ બંને જણા માટે કાંઈ આ પહેલો વરસાદ નહોતો, પણ છતાંય પેલો 'પહેલી બારીશ મેં ઔર તુ દૂર સે ભિની ખુશ્બુ આઈ' ગીત ગાતો હતો. લગ્ન પછીનું આ પાંચમું ચોમાસુ હતું. વરસતા વરસાદમાં બસ સ્ટેન્ડ નીચે નિતરતાં પાણીએ ઉભાં રહી, શરીરે ઠંડી લહેરનાં રૂંવાડા ઉભા થાય અને એમાં લીંબુ-મીઠું-મરચું ભભરાવેલો મીઠો મકાઈડોડો એકદમ મજાથી ચાવતાં આ બંને પ્રેમ લગ્નને એન્જોય કરતાં હતાં. લગ્ન પહેલાં લોકોની નજરથી બચવા સરિતા ઉદ્યાન-હરણોદ્યાનનાં બાંકડે બંને બેસી રહેતાં. વરસાદ પડતો હોય એટલે કોલેજ બંક કરવાનું ઋષીએ કીધું અને એ નિર્ણયનો વખાણ કરતાં ઋતુશ્રીએ કીધું કે એ વરસાદમાં સાથે પલળ્યાં ન હોત તો કદાચ આટલાં નજીક ના આવ્યાં હોત!!

બે વર્ષ પહેલાં આખું ઘ-૫ પાણી નીચે હતું. એકાદ પાણીનું ટેન્કર ઉંધુ પડે તોય ઘ-૫ પાણીથી ભરાઈ જાય એવું ઋતુશ્રીનું કહેવું હતું. એકાદ કલાક મધુરના કાઉન્ટરે ઉભા રહ્યાં બાદ ઘૂંટણ સુધી પેન્ટને વાળીને બંનેએ ચાલવાનું ચાલુ કર્યું. આમ તો ત્યાં એક ગટરનું ઢાંકણું ખુલ્લું હોય છે એ પાણી ગંધાતું જ હોય, પણ દસેક મિનિટ ચાલો એટલે એ મૈલી ગંગામાંથી બહાર નીકળી જવાય. એ દિવસે ઋષીને લાગેલું કે સાલું એકાદી બોટ હોય તો વ્હેનિસસિટી જેવું બોટમાંથી બેસીને વાવોલ પહોંચી જઈએ. એનાં આ શેખચલ્લી જેવા વિચાર પર ઋતુશ્રી ખડખડાટ હસેલી. કારણ ગાંધીનગરમાં પાણી ભરાઈને જલ્દી ટાપુ પણ બની જાય અને ચાર કલાક વરસાદ રોકાય તો પાણી ખાલી પણ થઈ જાય, આવામાં આની બૉટ...પણ પ્રેમમાં ડૂબેલાં માણસો જ આવી વાતો કરી શકે!!

અષાઢનો વરસાદ તો પાગલ હોય છે એને એટલે જ તો મેઘદૂતની રચના થઈ હશે એવું ઋષીનું માનવું....એ જોરદાર પવનના સૂસવાટા સાથે વરસાદ ખાબકે એટલે ઘરની બારીમાંથી વાવોલનું ભરાયેલું તળાવ જોવાંની અનેરી મજા. ગામનો કચરો વાળી ઝૂડીને ગામ ચોખ્ખું થઈ બધું પાણી તળાવમાં ભેગું થાય એટલે વગર તહેવારનો મેળો, બધાં જ ઉતરી પડે પાણીનો લહાવો લૂંટવા...ઋષીને વરસાદ આવે એટલે કવિતાઓ તરત જ સુજવા લાગે આમ પણ ગાંધીનગરનું ટેનામેન્ટ છોડી વાવોલનાં ફલેટમાં આવ્યા અને ઋષીનું લેખન શરૂ થયેલું...

આમ જ પડતો વરસાદ અને તારી એમ જ યાદ આવે

યાદોમાં ઝૂરતો વરસાદ અને, તારી એમ જ યાદ આવે

એણે પહેલીવાર વાતવાતમાં જયારે કવિતા લખી બતાવી ત્યારે ઋથુશ્રીને બહુ આશ્ચર્ય થયેલું. આમ તો એ અન્ય કવિઓની પંક્તિ, ગઝલ, મુકતક, શેર સંભળાવતો પણ આ શેર ગમ્યો ત્યારે એનાં કવિનું નામ પુછયું, ત્યારે એ એના મજાકીયા સ્વરમાં એટલું જ બોલેલો, 'આપણે બીજા જાણીતાથી એટલા અંજાયેલા છીએ કે પોતાનાની શ્રેષ્ઠ વાતો, સર્જનતા જાણી જ શકતા નથી, પેલું શું કહેવાય છે કે ઘર કી મુરઘી દાલ બરાબર' અને એની સર્જકતા ઋતુશ્રીને બરાબર સમજાઈ ગઈ...

અષાઢનો વરસાદ અને ઋષિની કવિતા વાંચનનો કાર્યક્રમ બંને વચ્ચે જામતો અને એમાંય વચ્ચે જો લાઈટ ગઈ તો જીઈબીને ભાંડતા કેન્ડલ ગોતી લાવતો, આમ પાછો ઋષી બોલતોય ખરો આ લાઈટ જાય છે તો કેન્ડલ લાઈટ કવિતા વાંચનની મજા પડે છે... લાઈટ આવે અને ગામ ઝગમગી ઉઠે તોય એનું કવિતા વાંચવાનું ચાલું જ. ઋતુશ્રી પછી તો ગરમાગરમ ડુંગળી મરચાંના ભજીયાં બનાવ અને બંને લહેજતથી ખાઈ પછી એમની મોટરસાયકલ પર વરસાદનો નજારો લેવાં નીકળી પડે..

(અનુસંધાન પાના નં. ૬ પર)